## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ચિંતા ના કર... આપણી રેડ લાઈટ તો ક્યારેય બંધ ન થાય... સદીઓથી ચાલતો ધંધો છે...!!

# દબાણ ટીમને ધમકી આપનાર ૧૫ શખ્સની ધરપકડ કરાઈ

### લારી ગલ્લા યુનિયન પ્રમુખ સહિત ૧૫ની સે-૭ પોલીસે ધરપકડ કરી : અન્ય ફરાર આરોપીઓની શોધખોળ જારી

ગાંધીનગર, તા.૨૦

શહેરના ઘ-૩ સર્કલ નજીક ઘઈ કાલે દબાણ હટાવવા ગયેલી દબાણની ટીમને લારી ગલ્લા યુનિયન પ્રમુખ સહીતના ટોળાએ ગાળાગાળી કરી મારી નાંખવાની ધમકી આપી હતી. સે-૭ પોલિસ સ્ટેશનમાં ગુનો દાખલ થયા બાદ આજે પ્રમુખ સહિત ૧૫ શખ્સોની પોલીસે ધરપકડ કરી ઘટનાની તપાસ શરુ કરી છે. તે ઉપરાંત અન્ય ફરાર આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

દબાણ અધિકારી મહેશ મોડની દબાણ ટીમના ઈન્સ્પેકટર ડી.જી. માણેક તથા સ્ટાફ ગઈ કાલે ઘ-૩ પાસે દબાણ હટાવવા ગયા ત્યારે શહેરી લારી ગલ્લા યુનિયન પ્રમુખ જગદીશ લેઉવા તથા અન્ય ૨૦ જેટલા માણસોનું ટોળું ત્યાં આવી પહોંચ્યું હતું અને ધમાલ કરી સરકારી કામમાં રુકાવટ ઉભી કરીને ગાળાગાળી કરી નારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે સે-૭ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો અને જગદીશ લેઉવા સહિત ૨૦ના ટોળા સામે આઈપીસી કલમ ૫૦૪, ૫૦૬ (૨), ૧૮૬, ૧૮૯ અને ૧૪૩ મુજબ ગુનો દાખલ થયો હતો. સે-૭ પોલીસે આજે આરોપીઓ પૈકી જગદીશ લેઉવા સહિત ૧૫ની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે અન્ય ફરાર આરોપીઓને પકડવા ગતિવિધી તેજ કરવામાં આવી છે.

## પ્રદેશ કારોબારીમાં શહેર જિલ્લાના ૨૦થી વધુ આગેવાનો હાજર રહેશે

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ ખાતે આજથી શરૂ થઈ રહેલ બે દિવસની પ્રદેશ ભાજપની કારોબારી બેઠકમાં ભાગ લેવા શહેર-જિલ્લા ભાજપના આગેવાનો આજે રવાના થયા છે. શહેરમાંથી અર્ઝો ડઝન અને જિલ્લામાંથી ૧૦થી વધુ આગેવાનો આ બેઠકમાં હાજરી આપવા રવાના થયા છે.

મેયર પ્રવિણ પટેલ, કાઉન્સીલર નીતિન પટેલ, કનુભાઈ દેસાઈ, પૂર્વપ્રમુખ રૂચિર ભટ્ટ વહેલી સવારે કાર માર્ગે જવાના છે. જ્યારે જિલ્લા ભાજપના ૬ જેટલા આગેવાનો આજે રવાના થઈ ચુક્યા છે. બોર્ડ-નિગમના ચેરમેનો, ધારાસભ્યો આજે વહેલી સવારે કાર માર્ગે સોમનાથ પહોંચશે.

## ક્રાઈમ પ્રિવેન્શન-ડિટેક્શનમાં નિષ્ફળ એલસીબી પીઆઈની આખરે બદલી

### પીઆઈ પી.બી. ચૌહાણને સે. ૭માં મુક્યા : એલસીબીમાં જે.ડી. પુરોહીત અને એસઓજીમાં ડી.ડી. સોઢાની નિમણૂંક

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ઘરફોડ-ચોરી, લૂંટ સહિતના ગુનાઓ બેફામ બન્યા છે. ત્યારે જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ તદન નિષ્ક્રીય જેવી જણાઈ આવતી હતી. ગુનાખોરી અટકાવવા કે ગુનાના ભેદ ઉકેલવામાં પણ કાંઈ ખાસ સિદ્ધિ એલસીબી મેળવી શકી નથી. ક્રાઈમ પ્રિવેન્શન અને ડિટેક્શનમાં નિષ્ફળ સાબિત થયેલા એલસીબી પી.આઈ. પી.બી. ચૌહાણને આખરે જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે સે. ૭ પોલીસ સ્ટેશનમાં મુકી દીધા છે.

ગાંધીનગર સેક્ટર-૭ પીઆઈ ડી.ડી. સોઢા અને એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહીતને લીવ રીઝર્વમાં મુકવામાં આવ્યા છે. તે ઉપરાંત જે.ડી. પુરોહીતને એસઓજીના ચાર્જમાંથી મુક્તી આપીને એલસીબીનો ચાર્જ સોંપ્યો છે. તો બીજી તરફ પી.આઈ. ડી.ડી. સોઢાને એસઓજી તથા એલઆઈબીનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

# મહુડી-સુરેન્દ્રનગર બસ અનિયમિત રહેતા મુસાફરોએ ડેપોમાં હોબાળો મચાવ્યો

### બપોરે દોઢ વાગ્યાની બસ રોજ અડધાથી એક કલાક મોડી આવે છે : આકરી ગરમીમાં મુસાફરો મુંઝવણમાં મુકાય છે

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર એસ ટી ડેપોમાં મહુડી સુરેન્દ્રનગરની બસ સમયસર ન આવતા મુસાફરોમાં રોજબરોજ કકળાટ પ્રવર્તે છે. આકરી ગરમીમાં બસ નિયત સમય કરતા અડધો કલાક તો ક્યારેક એક કલાક મોડી આવતા મુસાફરો આગ બબુલા બને છે. આજે પણ બસ મોડી આવતા મુસાફરોએ ડેપો સંકુલમાં હોબાળો મચાવ્યો હતો. નિયત સમયે ન આવતી આ બસના સમયમાં પણ ફેરફાર કરવા માંગ ઉઠવા પામી છે.

એસ ટી ડેપોમાં ગાંધીનગર અમદાવાદ સિવાયના અન્ય રૂટોની બસ માટે પણ વિશેષ ટ્રાફિક જોવા મળે છે. ડેપો સંકુલમાં અમદાવાદ ઉપરાંત બહારના રૂટોની બસ માટે પણ વિશેષ ટ્રાફિક રહે છે. પાટનગર હોવાના નાતે નગરમાં આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વધુ રહેતી હોવાથી બહારના રૂટમાં દોડતી બસોની પણ ડિમાન્ડ રહે છે. પરંતુ બસોની નિયમિત અને સમયસર ન દોડતા મુસાફરોમાં આક્રોશ પ્રવર્તયો છે. ગાંધીનગર ડેપોથી સુરેન્દ્રનગર રૂટમાં દોડતી બસ પણ સમયસર ન આવતા મુસાફરોમાં આક્રોશ પ્રવર્તયો છે. મહુડી સુરેન્દ્રનગર બસનો સમય બપોર દોઢ વાગ્યાનો છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી આ બસ સમયસર આવતી નથી. બપોરના સમયે અડધાથી એક કલાક મોડી આવતી બસના લીધે આકરી ગરમીમાં મુસાફરાએ ડેપોમાં બસ માટે વલખા મારવા પડે છે.બસની વાટે ઉભેલા મુસાફરો દ્વારા અવારનવાર આ બસને નિયમિત કરવા માટે રજુઆત કરવામાં આવી છે. પરંતુ બસ મહુડીથી જ ૧૫ મિનિટ મોડી ઉપડતી હોવાના લીધે ડેપોમાં પણ મોડી આવતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં બસના સમયમાં ફેરફાર કરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. આજે પણ આ બસ મોડી આવતા મુસાફરોએ ડેપો સંકુલમાં હોબાળો મચાવ્યો હતો.

# કેનાલમાંથી મૃતદેહ મળ્યો હતો તે જમીન દલાલની સ્યુસાઈડ નોટ મળી

### મૃતકની પત્નિએ ડભોડા પોલીસ સ્ટેશનમાં જવાબદારો સામે ગુનો દાખલ કરવા અરજી કરી : સ્યુસાઈડ નોટના એફએસએલ રીપોર્ટ બાદ ગુનો દાખલ કરાય તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૨૦

ડભોડા શખ્સે કેનાલમાંથી સીનપુરના જમીન દલાલનો શંકાસ્પદ મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ડસ્ટર ગાડી કેનાલ બહારથી મળી હતી તેમાંથી સ્યુસાઈડ નોટ પોલીસને મળી છે. આ સ્યુસાઈડ નોટમાં તેમના પર વિશ્વાસઘાત અને છેતરપીંડી કરનારાના નામ લખેલા છે તેમની સામે ગુનો દાખલ કરવા મૃતકની પત્નિએ અરજી ડભોડા પોલીસને આપી છે.

ડભોડા પોલીસે સ્યુસાઈડનોટ જપ્ત કરીને તેમા અક્ષર મૃતક પ્રવિણસિંહ બબુસિંહ બિહોલાના છે કે કેમ તેની ખરાઈ કરવા એફએસએલ મોકલવામાં આવી છે. ડભોડા પોલીસના જણાવ્યા મુજબ સ્યુસાઈડ નોટની પરિક્ષણ થઈ ગયા બાદ એફએસએલનો રીપોર્ટ આપશે ત્યાર બાદ જવાબદારો સામે ગુનો દાખલ કરવામાં આવશે. તેમ છતાં રીપોર્ટ આવે ત્યાં સુધી સ્યુસાઈડ નોટને આધારે તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

# ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળ દ્વારા પડતર માંગણીઓ મુદ્દે જલદ આંદોલન કરાશે

### સભા માટે તંત્ર મંજુરી ન આપતા ગમે ત્યારે ઉગ્ર દેખાવો કરાશે : મંડળ

ગાંધીનગર, તા.૨૦

ગ્રામ પંચાયત સાહસિકો (વીસીઈ) દ્વારા આગામી દિવસોમાં ગમે ત્યારે પોતાની પડતર માંગણીઓનો ઉકેલ ન આવતા આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. ગ્રામ પંચાયતના સાહસિક મંડળ દ્વારા અનેકવાર રજુઆત છતા સભાની મંજુરી તંત્ર દ્વારા ન આપવામાં આવતા રોષે ભરાયેલા પંચાયત સાહસિકો ગમે ત્યારે શહેરમાં આંદોલન કરે તેવી શકયતાઓ છે.

સમગ્ર રાજયમાં ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિકો તરીકે ૧૦ હજારથી વધુ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. વીસીઈને વેતનમાં એક પણ રૂપીયો તંત્ર દ્વારા આપવામાં આવતો નથી. માત્ર આ કર્મચારીઓ કમિશનબેઝ પર કામ કરે છે. કોમ્પ્યુટર સાહસિકો દ્વારા વેતન આપવા અંગે સરકાર સમક્ષ અનેકવાર રજુઆત કરાઈ છે. શહેરમાં એકવાર સંમેલન યોજીને પોતાની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવામાં આવી હતી. પરંતુ હજુ સુધી સરકાર દ્વારા કોઈપણ પ્રકારનો હકારાત્મક નિર્ણય ન આવતા કર્મચારીઓ રોષે ભરાયા છે અને સરકાર સામે બાંયો ચડાવી છે. ગુજરાત પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળ દ્વારા આગળના દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. તંત્ર પાસેથી કોઈપણ પ્રકારની સભા કે સંમેલનની મંજુરી લીધા વિના શહેરમાં એકત્ર થશે અને જલદ આંદોલન કરશે. તેવો દાવો મંડળ દ્વારા કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આંદોલનને અનુલક્ષીને કોઈપણ તારીખ મંડળ દ્વારા જાહેર કરાઈ નથી.

## સાયકલ પ્રવાસી મનસુખભાઈ પંચાલની ડાયરી ખોવાઈ

ગાંધીનગર, તા.૨૦

શહેરના જાણીતા સાયકલ પ્રવાસી મનસુખભાઈ પંચાલની રોજનીશી લખેલી ડાયરી ખોવાઈ છે. ગાંધીનગર કલેકટર ઓફિસથી પોસ્ટ ઓફિસની આજુબાજુમાં ખોવાઈ છે.

જે કોઈ વ્યકિતને મળે તો ગાંધીનગર યુથ હોસ્ટેલ સે-૧૬માં રહેતા મનસુખભાઈ પંચાલને પહોંચાડવા જણાવેલ છે.

# ઈજનેરી શાખાના સહાયક પ્રાધ્યાપકોએ પગાર વધારા મુદ્દે કલેકટરને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા.૨૦

રાજયભરની અંદાજીત ૧૬ સરકારી ઈજનેરી (ડીગ્રી) કોલેજમાં આશરે ૨૦૦થી વધુ ફીકસ પગારથી સહાયક પ્રાધ્યાપકો ફરજ બજાવે છે. આ સહાયક પ્રાધ્યાપકોને છેલ્લા પાંચ વર્ષથી માત્ર રૂ.૩૦,૦૦૦ હજાર માસિક ફીકસ પગાર ચુકવવામાં આવે છે. ત્યારે તાજેતરમાં રાજય સરકાર દ્વારા યુનિવર્સિટી સંલગ્ન કોલેજના સહાયક પ્રાધ્યાપકોના ફીકસ પગારમાં વધારો કરાયો છે. ત્યારે સરકારી ઈજનેરી કોલેજમાં ફરજ બજાવતા સહાયક પ્રાધ્યાપકોના પગારમાં પણ વધારો કરવામાં આવે તેવી માંગ સાથે ગાંધીનગર શહેરની સેકટર-૨૮ માં આવેલ ઈજનેરી કોલેજના સહાયક પ્રાધ્યાપકોએ આજે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી છે.



રાજયની સરકારી ઈજનેરી(ડીગ્રી) કોલેજમાં અંદાજે ૨૦૦ જેટલા સહાયક પ્રાધ્યાપકો એમઈ, એમટેક, જેવી નિયમ મુજબની જરુરી ડિગ્રી પ્રાપ્ત કરીને ફરજ બજાવે છે. પરંતુ સહાયક પ્રાધ્યાપકોના પગારમાં કોઈ પણ વધારો પાંચ વર્ષ વિત્યા છતા આવ્યો નથી. જેને પગલે સહાયક પ્રાધ્યાપકોમાં રોષ ફેલાયો છે. સહાયક પ્રાધ્યાપકોની મુખ્ય માંગણીઓમાં જીપીએસસી એડહોક સહાયક પ્રાધ્યાપકને આપવામાં આવતા નિયમિત પગાર ધોરણ તેમજ અન્ય ભથ્થા આપવા, ફીકસ પગારના કર્મચારીઓને માંદગીની રજાઓ ૧૦ તેમજ અર્ધ પગારમાં ૨૦ રજા આપવાનું નક્કી કરેલ છે.જીપીએસસીથી નિયમિત નિમણુંક સહાયક પ્રાધ્યાપક વર્ગ-૨ અને એડહોક વર્ગ-૨ના પ્રાધ્યાપકોને વિવિધ પ્રકારના ભથ્થાના લાભો આપવામાં આવે છે. પરંતુ ઈજનેરી સહાયક પ્રાધ્યાપકોને માત્ર ૩૦ હજાર પગાર જ આપવામાં આવે છે તે ઉપરાંત એકપણ ભથ્થુ આપવામાં આવતું નથી. જયારે રજામાં પણ માત્ર ૧૨ સીએલ જ રજા ઈજનેરી સહાયકોને આપવામાં આવે છે. જેને પગલે આજે સરકારી ઈજનેરી કોલેજના પ્રાધ્યાપકો દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી પડતર પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે તે માટે રજુઆત કરી છે. મોટી સંખ્યામાં સહાયક પ્રાધ્યાપકો હાજર રહ્યા હતા.

## ગુડા વિસ્તારના વિકાસની મંજુરીને અસરગ્રસ્ત વેપારી મંડળનો આવકાર

ગાંધીનગરમાં ઘણા સમયથી ખેડૂતો અને બિલ્ડરોની માંગણી હતી કે આજુબાજુના ગામડાં જેવા કે વાવોલ, કોલવડા, પેથાપુર, અડાલજ સહિતના વિસ્તારમાં વિકાસ થાય. તે માંગણી નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલના જણાવ્યા અનુસાર સરકારે મંજુર કરેલ છે. ગુડાના વિકાસને પણ મંજુર કરેલ છે જેનાથી ખુબ વિકાસ થશે. આજુબાજુના ખેડૂતોની જમીન સસ્તા દરે લીધેલ છે ટુંક સમયમાં ટીપી આજુબાજુ નાંખવામાં આવનાર છે. પરીણામે વિકાસ ઝડપથી થશે. આજુબાજુના ગામડાના લોકો-બિલ્ડરો આનંદમાં આવી ગયેલ છે અને સરકારનો અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલનો આભાર માન્યો છે. વાવોલથી કોલવડા રોડ અને કોલવડા ગામથી આયુર્વેદિક દવાખાનું બનાવેલ છે ત્યાં સારવાર માટે દૂરદૂરથી લોકો આવે છે. ત્યાં રસ્તામાં કચરાના ઢગલા તથા ગંદકી છે.




Somnath laser show_press ad_Size : 25(h)x16(w)_CMs.

